**-:: આંક-૧ અન્વયે હુકમ ::-**

**ફોજદારી કેસ નંબર: ૧૦૦૧/૨૦૨૫**

**-:: હુકમ ::-**

૧) સદર કામ આજરોજ લોક-અદાલત હોય સ્પેશીયલ સીટીંગ સંદર્ભે હાથ ઉપર લીધેલ હોય અને ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપી સામે ગુજરાત લઘુતમ વેતન નિયમો, ૧૯૬૧ના **નિયમો-૨૬(૨),૨૬બી(૧), ૨૬(ડી),૨૨** ના ભંગ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ કલમ ૨૨-એ હેઠળ શીક્ષાને પાત્ર ગુના સંદર્ભેની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતા આરોપીને તે સંદર્ભે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપી સદર કામે હાજર થયેલ હોય અને આરોપી ધ્વારા ગુનાની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી-ખુશીથી પોતાનો ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

૨) આરોપીએ ગુનાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે,આમ છતા આરોપી પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે,ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

૩) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી/આરોપીઓ એ કરેલ રજુઆત મુજબ તેને પેતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઈ ગુનો ન કરેલાનુ આરોપી ધ્વારા જણાવેલ હોય, આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.-૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતા, અને આરોપીઓ ધ્વારા કરેલ કબુલાતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆતને અને લઘુતમ વેતન અધિનયમ, ૧૯૪૮ કલમ ૨૨-એ માં સને - ૨૦૧૫ માં થયેલ સુધારો તથા આજરોજ લોક અદાલત હોય આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-:: હુકમ ::-

**૧) સદર કામે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સહીતા-૨૦૨૩ અન્વયે ગુજરાત લઘુતમ વેતન નિયમો, ૧૯૬૧ના નિયમ-૨૬(૨),૨૬બી(૧), ૨૬(ડી),૨૨ ના ભંગ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ કલમ-૨૨ એ હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક નિયમના ભંગ બદલ દરેક આરોપી ને રૂપીયા ૨,૦૦૦/- (બે હજાર પુરા) લેખે કુલ રૂપીયા ૮,૦૦૦/- (આઠ હજાર પુરા) દંડની સજા ફરમાવુ છું અને જો દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે. આરોપી નં.૧ વતી આરોપી નં.૨એ દંડ ભરવો.**

**૨) આરોપીઓએ કુલ રૂપીયા ૧૬,૦૦૦/- (સોળ હજાર પુરા) દંડ ભરવો.**

**હુકમ આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.**
**સુરત.**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર-૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**